Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Annual Subscription Rs. 200 = 00

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 28, Issue No. 06 10th March, 2024 Annual Subscription Rs. 200 = 00

વર્ષ : ૨૮, અંક : ૦૬ ૧૦મી માર્ચ, ૨૦૨૪ વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ = ૦૦




હરિઃૐ આશ્રમ, નડિયાદ


‘તે રાત્રે મને યાદ આવ્યું કે ‘અહોહો’,
ગુરુમહારાજે મને કહેલું કે અહીં તારો આશ્રમ થશે.’

- શ્રીમોટા

‘ભગતમાં ભગવાન’, છઠ્ઠી આ., પૃ. ૪૧૨

||હરિ:ૐ||

# પૂજ્ય શ્રીમોટાનો ૮૬મો સાક્ષાત્કારદિન રામનવમી ઉત્સવ



**આત્મીય સ્વજનશ્રી,**

ચૈત્રી સુદ નોમ-રામનવમી, એ પૂજ્ય શ્રીમોટાનો ૮૬મો સાક્ષાત્કારદિન હોઈ પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સૌ સ્વજન ભાઈબહેનોનાં મિલન સમારોહના યજમાન બનવાનો અમોને રૂડો અવસર મળ્યો છે. અનેરા એવા આ ‘ઉત્સવ’માં આપ સૌને પરિવારજનો -મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

**સ્નેહાધીન : શ્રી હેમંતભાઈ અરવિંદલાલ મોદી તથા પરિવાર**
**શુદ્ધ ક્રાન્તિ ચૅરિટેબલ ટ્રસ્ટ, અડાજણ, સુરત.**
**મિલન સમારંભ : શ્રી સુરત ઓલપાડ ચોર્યાસી કડવા પાટીદાર સમાજ ભવન, અમીકુંજ, જહાંગીરપુરા, સુરત.**
**ઉતારાનું સ્થળ : ઈસ્કોન મંદિર, જહાંગીરપુરા, સુરત.**

## કાર્યક્રમની રૂપરેખા : તા. : ૨૭-૦૪-૨૦૨૪, શનિવારે સાંજે

| | | | | |
|---|---|---|---|---|
| ૫:૩૦ | થી | ૬:૦૦ | : | હરિ:ૐ ધૂન ભજનો - લવાછા મંડળ |
| ૬:૦૦ | થી | ૬:૪૫ | : | શ્રી ગુરુગીતા સ્વાધ્યાય/નામ સંકીર્તન |
| ૬:૪૫ | થી | ૭:૩૦ | : | સત્સંગ/ વક્તવ્ય ડૉ. મનસુખભાઈ પટેલ |
| ૭:૩૦ | થી | ૯:૦૦ | : | ભોજન પ્રસાદ |

## રવિવાર સવારે તા. ૨૮-૦૪-૨૦૨૪

| | | | | |
|---|---|---|---|---|
| ૬:૩૦ | થી | ૭:૧૫ | : | ચા-કોફી-અલ્પાહાર |
| ૭:૩૦ | થી | ૮:૦૦ | : | હરિ:ૐ નામસ્મરણ |
| ૮:૦૦ | થી | ૯:૦૦ | : | નિત્ય પ્રાર્થના-આરતી |
| ૯:૦૦ | થી | ૧૦:૧૫ | : | ભજનો (ભાવિક પટેલ) |
| ૧૦:૧૫ | થી | ૧૦:૩૦ | : | ઍવૉર્ડ વિતરણ |
| ૧૦:૩૦ | થી | ૧૧:૩૦ | : | પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન - શ્રી કમલભાઈ મહેતા (કુંભકોણમ્) |
| ૧૧:૩૦ | થી | ૧૧:૪૫ | : | આશ્રમનો અહેવાલ |
| ૧૧:૪૫ | થી | ૧૨:૧૫ | : | યજમાન આભારવિધિ ગુરુવંદના |
| ૧૨:૩૦ | થી | ૨:૦૦ | : | ભોજન પ્રસાદ |

YouTube

ઉત્સવની લિંક મેળવવા માટે અહીં ક્લિક કરો. નોટિફિકેશન માટે ચેનલને સબસ્ક્રાઈબ કરો.

**: વિજ્ઞપ્તિ :**

શનિવારે તા. ૨૭-૦૪-૨૦૨૪ના રોજ બહારગામથી આવનાર અને ઉતારા સ્થળે રહેવા ઈચ્છનાર સ્વજનોને તેમની સંખ્યા તા.૨૦-૦૪-૨૦૨૪ સુધીમાં નીચેના કોઈ પણ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

**સંપર્ક સૂત્ર : સુરત : ઋત્વિક મોદી : મો. ૮૩૨૦૮ ૯૦૦૬૭/ હેમંત મોદી : મો. ૯૩૧૩૨ ૮૨૭૩૩**



ઉત્સવનું પ્રસારણ નિહાળવા માટે ચેનલને સબસ્ક્રાઈબ કરો.

**પ્રકાશન સ્થળ :** બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રુ. ૨૦૦/-
પરદેશ રુ.૧૫૦૦/- (ઍરમેઇલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા**
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઇન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫)નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

**ઇ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ,
અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી. Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઇટ**
www.hariommota.org ઉપર 'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઇલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**
ટાઈપ સેટિંગ: **રામ કૉમ્પ્યૂટર, મો.: ૯૮૨૪૬૧૨૨૮૮**
ટાઇટલ : **મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**વર્ષ : ૨૮ અંક : ૦૬ માર્ચ, ૨૦૨૪**

## અનુક્રમ


| ક્રમ | લેખકનું નામ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૩ |
| ૨ | ગરીબની સેવાઃભગવાનની કૃપા | શ્રીમોટા | ૪ |
| ૩ | આશ્રમ વિષેભવિષ્યવાણી | સંપાદકઃ શ્રી રતિલાલ મહેતા | ૭ |
| ૪ | કર્મ દ્વારા યોગસાધનાઃ એક અભ્યાસ-૩ | શ્રી કાર્તિકેયભાઈ અ.ભટ્ટ | ૧૦ |
| ૫ | શ્રીમોટા એટલે સમર્થનો સથવારો | ક્રિષ્ના જોષી પંડ્યા | ૧૨ |
| ૫-અ | સંતસમાગમનું મહત્વ | શ્રીમોટા | ૧૫ |
| ૬ | એક કબૂલાતનામું : અભયવચન | ડૉ.અચલાબહેન ગાંધી | ૧૬ |
| ૭ | શ્રીમોટા આખ્યાન-દીક્ષા પ્રસંગ | શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય | ૧૭ |
| ૮ | સેવાભાવી ચંપકકાકા | શ્રી ભગુભાઈ દરજી | ૨૨ |
| ૯ | સુખદુઃખ તથ્ય કે મનનું સર્જન | શ્રી વિમલા ઠકાર | ૨૩ |
| ૧૦ | આભમાંથી મળેલ આર્થિક મદદ | શ્રીમોટા | ૨૪ |


## જ્ઞાનદાન સહયોગ

અમદાવાદનિવાસી પૂજ્ય શ્રીમોટાના એક પ્રેમીસ્વજન જેઓ પોતાનું નામ ગુપ્ત રાખવા ઇચ્છે છે, તેઓશ્રી તરફથી આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે.

'હરિવાણી ટ્રસ્ટ' અને 'હરિભાવ' પરિવાર તેઓશ્રી પ્રત્યે ઘણો ઘણો આભાર વ્યક્ત કરે છે.

-સંપાદક

## હરિ તારે ભરોંસે છે

જીવન વ્યવહાર સંપૂર્ણ હરિ તારે ભરોંસે છે,
અવળચંડું થતાં મુજથી હરિ સંભાળી તું લે છે.

હૃદય નિઃસ્પૃહતાથી તો કદીક સંભળાવી હું દઉં છું,
છતાં તેવું ન દિલ તે લે, કૃપા એ તો હરિની છે.

જીવનમાં તેં મને શા શા મદદગાર દીધેલા છે !
લીધેલાં કર્મ તો તેથી જીવનમાં સૌ ફળેલાં છે.

ચલાવેલું હરિનું સૌ બધું તે તે જ ચાલે છે,
શું ઉત્તમમાં ઉત્તમ તે અહમ્ ભળતાં જ બગડે છે.

## હરિ જીવતો થયેલો છે

હરિને માનવાનું ના, હરિને જાણવાનું ના;
અનુભવવાનું હરિને છે, હરિને મ્હાલવાનો છે.

જીવનની સર્વ પ્રવૃત્તિ-તણી જે પ્રક્રિયા દિલ છે,
બધી તે પ્રક્રિયા વિષે હરિ સામેલ ધાર્યો છે.

છટકી છટકી જતો દિલથી કદીક તો શો હરિ તોયે,
પકડવા દિલથી સજ્જડ હરિને શું મથાયું છે !

નિરંતરની જ તેવી તે મથામણમાં સ્તવ્યો હરિને,
સ્તવનમાં ને સ્તવનમાંથી હરિ જીવતો થયેલો છે.

## ચરણ લીધે ટકાયું છે

ચરણને આશરે ધીમે ધીમે ડગ શાં ભરેલાં છે !
કદીક લથડી પડાયું છે, ચરણ લીધે ટકાયું છે !

પથે અડબડિયાં ખાધાં છે, ઝીલી ચરણે જ લીધો છે;
પથે ઠોકર શી ખાધી છે ! પદે પડતો બચાવ્યો છે.

પથે ઊંડી ઊંડી ખીણો, હિમાલય ટોચ સમ શિખર
-પથે આવી ચઢેલાં ત્યાં; ચરણ ત્યાં કામ લાગ્યા છે.

જીવન-અટવિ વિષે કેવાં ભયંકર વિઘ્ન આવ્યાં છે !
મહા મુશ્કેલીથી જંગલ ચરણથી તો વટાવ્યાં છે.

## હરિ પોતે ચલાવે છે

હરિનું કેવું ઐશ્વર્ય ! વિપુલતાથી અતુલ તે છે;
હરિ સર્જનનો વૈભવ શો ! ન બુદ્ધિથી કળાયે તો.

હરિ મૌલિક બધી રીતે, બધી વાતે અનેરો છે;
ન તુલના કોઈ સંગાથે કરી એની શકાયે છે.

હરિ જેવો ધણી જેને શિરે ગર્જંત ઊભો છે,
બધી વાતે ખરે તેને શી નિશ્ચિંતતા જીવનમાં છે !

હરિને એકધારો જે પળેપળ દિલ જીવંતો
-ધરે, તેનું હરિ પોતે ચલાવે છે પૂરેપૂરું.

જીવનરસાયણ આ.પ્ર.પૃ.૭૩,૭૯,૨૩૬,૨૩૭

## (૨) ગરીબની સેવા : ભગવાનની કૃપા

**શ્રીમોટા**

આ જીવની નાનપણની આર્થિક દશા તો ઘણી ઘણી ગરીબાઈની. કાલોલની અંગ્રેજી નિશાળમાં ભણતો થયો, ત્યારથી અમારી તે શાળાના મુખ્ય શિક્ષકનો સંપર્ક અને સંબંધને કારણે કાલોલના નાગરવાડામાં તેને જવા-આવવાનું વધારે થયેલું. તે ગરીબ હોવાથી સહુ કોઈ દયા કરે અને કામ બતાવે. પહેરવાને કાજે જૂનાં પણ સારાં, ફાટી ન ગયાં હોય તેવાં જ કપડાં પણ પહેરવા આપે. જોકે આ જીવે તે પહેર્યાં નથી, તેમ પાછો નકાર પણ ભણ્યો નથી. પ્રેમભાવે તે લઈ લેતો અને તેમને તેમને સારું લાગે તેથી થોડીકવાર પહેરી તે ઘેર લઈ જતો, કાં તો કોઈ મારાથીયે વધારે ગરીબ હોય અને પહેરવાનું ન હોય તેને આપી દેતો, પણ તે પ્રેમભાવથી કરીને, **દયા ખાઈને તો નહિ જ.**

ગરીબ પરત્વેના વર્તાવમાં આપણે ઘણી ઘણી હૃદયની સલુકાઈ રાખવાની છે. આ જીવે ગરીબાઈમાં જીવન ગાળેલું હોવાથી ગરીબના દિલની તેને ખબર છે. ગરીબને પણ આત્માની વેલ હોય છે. એને પણ ફૂલવાફાલવાની હોંશ અને પ્રેરણા હોય છે. એને પણ વધવાની સગવડ સમાજે આપવી ઘટે છે. એને પોતાનું જ અંગ, સગું, છૈયુંછોકરું જાણીને એને ઊંચે પ્રગટાવવા કાજે પોતે પોતાનો હાથ આપવો જ ઘટે. એટલે આપણા રોજિંદા જીવનવહેવારમાં જ્યારે જ્યારે એવા પ્રસંગ મળે, તે તે પ્રસંગ શ્રીભગવાનની ભક્તિનો પરમ કૃપાપ્રસંગ છે એવી ચેતનપૂર્વકની ભાવના ત્યારે હૃદયમાં હૃદયથી દૃઢાવી દૃઢાવી (જેની ભાવના સહજ થઈ ગઈ હોય, તેને કાજે આ લખાણ નથી.) પોતે તેની પરત્વે પ્રેમભાવના રાખીને વર્તવાનું કરવું. આથી, આપણને કુટુંબમાં જે જે બધા જીવ મળેલા છે, તેમની પરત્વે પણ સદ્‌ભાવ રાખવાનો મહાવરો પડશે.

ઘરમાં નોકર પરત્વે પણ માણસાઈનો પ્રેમ-ભક્તિયુક્ત વર્તાવ આપણો હોવો ઘટે. આ જીવ નોકર તરીકે કામ કરેલું છે અને તે પણ સવારથી તે રાતના મોડા સુધી, એકધારું. ભલે ને વધારે સમય એની કને કામ લેવાનું થયા કરે, પણ જો આપણા હૃદયનો ભાવ એના પરત્વે સલુકાઈભર્યો અને એની દશાની સાથે સહાનુભૂતિવાળો હોય, એને બે શબ્દ પ્રેમભાવના થાક્યેપાક્યે કહેવાનું બને તો તેને તે કેટકેટલું સારું લાગતું હોય છે ! આ જીવની તેવી વેળા જે કોઈ કદર બૂજતું ત્યારે એવા જીવ ઉપર આ જીવ તો વારી વારી જતો.

ગરીબનું કોઈ ધણીધોરી નથી. ગરીબને સહુ કોઈ અવગણી શકે છે. ભૂલેચૂકે પણ આપણે તેવું કરવું નહિ. ગરીબની કોઈ 'દયા' ખાશો નહિ. દયા ખાનાર આપણે કોણ ? એ

કોઈ કને દયા નથી માગતો, માગે છે ન્યાય. એ આપી શકાતો હોય તો આપજો. તમારી દયાબયાનો એને ખપ નથી. **સમાજ આજે ગરીબની ગરદન ઉપર ચઢી બેઠો છે. આવતી કાલે તે સમાજની ગરદન ઉપર ચઢી બેસવાનો છે. સમાજ એને લૂંટીલૂંટીને આજ લગી નભ્યો તો આવતી કાલે તે સમાજને લૂંટીને નભવાનો છે. એવી આ અનંતકાળની રમત છે.**

એમાં આપણે તો આપણા જીવનવિકાસના ભાવે જીવવાનું છે. કોઈનીયે અવગણના ન થઈ જાય, કે કોઈનેયે તુચ્છકારાય નહિ, તેમ કોઈનીય દયાબયા આપણે ખાવાની ન હોય, પણ સહાનુભૂતિ ધરાવી શકાય. હૃદયની ભાવનાનો યોગ્ય વર્તાવ થાય તો ઉત્તમ. ગરીબને લૂંટતા વાણિયાનો વેપાર મેં જાતોજાત નીરખેલો છે, તેમ છતાં તે વેળાએ પણ તેવા વેપારીની અવગણના કરેલી નથી.

ગરીબથી આડુંઅવળું થઈ જવું કોઈથી સહન થઈ શકતું નથી. જ્યાં ત્યાં મને તેવાં દર્શન થતાં રહે છે. તેવી વેળા હૃદયમાંનો આ જીવનો આત્મા જરૂર પોકારી ઊઠે છે. **ગરીબની હાય જેવી તેવી હોતી નથી.** ગરીબ થયો કે નોકર થયો એટલે જાણે બસ ! તેનામાં જાણે સમજણ ન હોય, અક્કલ ન હોય, આપણું ગમે તેવું સાંભળવાને તેણે તૈયાર જ રહેવું જોઈએ, સામો એક અક્ષર પણ તેનાથી ન નીકળવો જોઈએ, એવી સમજણની ધારણા નોકરને વિશે આપણાં બધાંની છે. એવા જીવો કાજે તો હવે નોકરોને પણ કામ કરવાના કલાકોનો કાયદો ઘડાય તો ઘણું ઉત્તમ. પ્રભુકૃપાથી તેવો કાયદો થાય તો આ જીવ વિશેષ રાજી થાય.

કેટલાક લોક તો મોડા મોડા જમે, મોડા સૂએ અને તે પછી નોકરને સૂવાનું હોય, અને પોતે જાગે તે પહેલાં પાછું તેને ઊઠવાનું હોય. મારે પ્રભુકૃપાથી તેવું સહેવાનું આવેલું, પરંતુ તેવું સહેવું આ જીવને કઠેલું નહિં. હું તો જાણે પ્રભુકૃપાથી આનંદથી તે કાળે વર્તતો હતો અને તેવું સહેવામાં તપશ્ચર્યાનો ભાવ રાખતો હતો.

'જીવનપોકાર', પ્ર.આ.,પૃ.૨૧૦

**અનુસંધાન પેજ નં. ૨૩ નું ચાલુ**

જ લડીશું, ઈર્ષ્યા માટે લડીશું. અહીં મધ્યમમાર્ગ બતાવાયો છે. આ નવો માનસ-વિજ્ઞાનનો માર્ગ છે. નવી જીવનકલાનો માર્ગ છે. હું માનું છું કે ભારતીયોએ એમાં ઊંડા ઊતરીને એના તરફ ધ્યાન આપવું જોઈએ. ઘરમાં, મંદિરમાં ગીતાજીના પાઠ થાય, જન્મભર ચાલતો જ રહે અને ચિત્તની દશામાં કોઈ પરિવર્તન ના થાય વહેવારના સ્વરૂપમાં કોઈ નાવીન્ય ના હોય તો એ પાઠ તો યાંત્રિક બની જશે. **યાંત્રિક ક્રિયાઓનું પુનરાવર્તન એ ધર્મ કે અધ્યાત્મ નથી.** એક એક ક્રિયા અને કર્મમાંથી ચિત્તનું ઉત્થાન થતું જાય, વૃત્તિઓનું શમન થતું થાય, એક નવો જ આયામ પેદા થાય, એ આની પાછળનો હેતુ છે.

'स्थितप्रज्ञस्य का भाषा', બી.આ.પૃ.૧૩

## (૩) આશ્રમ વિષે ભવિષ્યવાણી

**સંપાદક - શ્રી રતિલાલ મહેતા**

શ્રી બાળયોગી મહારાજ એકવાર (૧૯૨૨-૨૩માં) શ્રીમોટાને શેઢી નદીને કિનારે (નડિયાદ પાસે) લઈ ગયેલા ને એક ઝાડ પર બેસાડીને સાધના કરાવેલી. તેઓ ઝાડ પર બેસીને 'હરિઃૐ'નો જાપ કરી રહ્યા હતા, ત્યારે મધરાત પછી ઊંઘનું ઝોકું આવી ગયું, એટલે શ્રી બાળયોગીએ તેમને જોરથી એક પથ્થર માર્યો. તે જાંઘ પર વાગ્યો. તે નીચે પડત પણ સદ્‌ભાગ્યે તેમના હાથમાં એક ડાળ આવી જતાં, ભોંય પર પછડાતાં બચી ગયા આમ, જાગ્રતઅવસ્થામાં થતો જપ સાચો જપ છે, એમ મહારાજે સમજાવ્યું. ત્યારે શ્રી બાળયોગીએ શ્રીમોટાને કહેલું, ''આ જગ્યા પર તારો આશ્રમ થશે.'' તેઓ સાંભળી રહ્યા. ૧૯૫૪માં તેઓ આ જગ્યા પર એકવાર આવેલા, ત્યારે ગુરુ મહારાજની ભવિષ્યવાણી યાદ આવી. તે પછી આશ્રમ સ્થાપવાની તૈયારી કરવામાં આવી હતી. **૨૮-૫-૧૯૫૫ ને રોજ હરિઃૐ આશ્રમની સ્થાપના થઈ.**

જે જગ્યાએ 'હરિઃૐ' આશ્રમ સ્થાપ્યો છે, ત્યાં જ પહેલાં કબીરપંથી સાધુ વસતા હતા. તેમના ઉપયોગમાં આવેલો. એક ચોતરો આજે પણ ત્યાં મોજૂદ છે. તે જગ્યા પર કબીરપંથી સાધુ પહેલદાસજી મહારાજ રહેતા હતા. તેમણે તેમના દેહોત્સર્ગ અગાઉ એક ભવિષ્યવાણી ઉચ્ચારેલી. તેની નોંધ વડોદરાના શ્રીવિષ્ણુપ્રસાદ ઈશ્વરલાલ પંડયાએ ૩૦-૯-'૪૫ ને રોજ કરેલી. તેમાં જણાવ્યું છે કે :-

''આ જગ્યા પર કોઈ તપસ્વી થશે. દશ વરસ સુધી આ જગ્યાએ કોઈ રહેશે નહિ. ત્યારબાદ અહીં રળિયામણી જગ્યા થશે. અહીં રહે તેને કોઈ દિવસ કોઈની પાસે માંગવા જવું પડશે નહિ. શ્રી ગુરુ બાળકદાસની મહીંના (અંદરના-સં.) રૂમની ગાદી કોઈએ ભવિષ્યમાં તોડવી નહિ ને આ જગ્યા પર ભજનભાવ કરનાર દુઃખી થાય તેમ નથી.'' આ નોંધ હરિઃૐ આશ્રમમાં સચવાયેલી છે.

### સદ્‌ગુરુ ક્યારે બોલે ?

એક વેળા શ્રીમોટાના જીવનમાં એવી કટોકટીની પળ પ્રગટેલી કે પ્રાર્થના, જપ કે બીજાં કોઈ સાધન કામમાં આવી ન શક્યાં. તેથી કટોકટી નિવારવા બીજા બધા સ્થૂળ ઉપાયો પણ અજમાવેલા પણ કંઈ જ રીતે ફાવી ન શકે. એટલે આખરી ઉપાય તરીકે સદ્‌ગુરુને મળવાનું નક્કી કર્યું. પણ તેમનું કોઈ ચોક્કસ ઠેકાણું નહોતું. ક્યાં શોધવા ? ભારે વિમાસણ. તે સમયે હરદ્વારમાં કુંભમેળો ભરાયેલો. એટલે તેમણે વિચાર્યું કે, સાધુનું પિયર કુંભમેળો. મહારાજ કુંભમેળામાં હોવા જોઈએ. એટલે ત્યાં ગયા.

કુંભમેળામાં હજારો સાધુઓ ભેગા થયેલા. તેમાંથી શ્રી સદ્‌ગુરુને શોધી કાઢવાના. તેમણે

પ્રતિજ્ઞા લીધી કે, મહારાજ મળે પછી જ ખાવું પીવું. ચાર દિવસ તેમને શોધવામાં ગયા. પાંચમે દિવસે તેમનાં દર્શન થયાં. સાષ્ટાંગ નમસ્કાર કર્યા ને તેમનાં ચરણકમળમાં ક્યાંય સુધી માથું મૂકીને પડી રહ્યા ને જેમાંથી ઊગરવું હતું, તે કાજે તેમણે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરી.

પોણાએક કલાક પછી સદ્‌ગુરુએ તેમને ઉઠાડ્યા ત્યારે શ્રીમોટા બોલ્યાઃ "હું ચાર દિવસથી શોધ્યા કરું છું, પણ તમે નજીક છો તે તો દેખાયું જ નહિ."

"હું તને જોતો હતો પણ જ્યાં સુધી તું મને જુએ નહિ ત્યાં સુધી બધું નકામું" મહારાજે કહ્યું.

"અરે બાપ ! મને જરાક બોલાવવો તો હતો."

"તને બોલાવવાનું કામ મારું નથી. મને બોલાવવાનું કામ તારું છે."

ગુરુ મહારાજનાં આ વચનોનો સૂક્ષ્મ અર્થ શ્રીમોટાને પછી સમજાયો. વળી જે કાજે તેઓ તેમની પાસે ગયા હતા ને જે સ્થિતિમાંથી તેમને મુક્ત થવું હતું; તે મુક્ત થવાની કળા અને સાધન ગુરુમહારાજે બતાવ્યાં. શ્રીમોટા કહે છે કે, તે સાધના કરતાં કંઠે પ્રાણ આપી જાય એવું હતું, છતાં સદ્‌ગુરુનાં વચનમાં અચળ વિશ્વાસ હતો. એટલે તે પાછળ તેઓ તનમનથી લાગી ગયા ને સફળ થયા. એવી રીતે અનેક રીતે સદ્‌ગુરુની મદદ મળ્યા કરતી હતી.

શ્રીમોટાના જીવનમાં મહાત્માઓ , આ.બીજી,પૃ.૧૭,૧૮,૩૪,૩૫.


## 'હરિભાવ' માસિકપત્રની માહિતી

**(ફૉર્મ નં.૪, રૂલ નં.૮)**

૧. **પ્રકાશનનું સ્થળ :** બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ００૭

૨. **પ્રકાશનનો સમય :** માસિક

૩. **મુદ્રકનું નામ :** સુરેશચંદ્ર એમ. વોરા ('હરિવાણી ટ્રસ્ટ' વતી)

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : ઉપર મુજબ

૪. **પ્રકાશકનું નામ :** સુરેશચંદ્ર એમ. વોરા ('હરિવાણી ટ્રસ્ટ' વતી)

૫. **તંત્રીનું નામ :** સુરેશચંદ્ર એમ. વોરા ('હરિવાણી ટ્રસ્ટ' વતી)

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : ઉપર મુજબ

૬. **માલિકોનાં નામ :** 'હરિવાણી ટ્રસ્ટ'

સરનામું : બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ００૭

હું, સુરેશચંદ્ર એમ. વોરા આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

'હરિવાણી ટ્રસ્ટ' વતી

તા.૩૧-૦૩-૨૦૨૪ પ્રકાશકની સહી

અમદાવાદ **સુરેશચંદ્ર એમ. વોરા**

## (૪) 'કર્મ દ્વારા યોગસાધના': એક અભ્યાસ

શ્રી કાર્તિકેય અ.ભટ્ટ

અહંજન્ય સુખ અને સર્જનના આનંદ વચ્ચેના ભેદ શ્રીઅરવિંદે ખૂબ જ ખૂબીથી સ્પષ્ટ કર્યા છે, કંઈક નવું જાણવાનું મળ્યું. આ સાથે મહર્ષિ શ્રીઅરવિંદે એ પણ સ્પષ્ટ કર્યું છે, "જોકે સમર્પણ અથવા આધ્યાત્મિક સાક્ષાત્કાર અથવા દિવ્ય પ્રેમનો આનંદ ઘણો વધુ મહાન હોય છે, તેમ છતાં સર્જનના આનંદને પોતાનું સ્થાન છે." જોકે શ્રી અરવિંદ કહે છે કે, "... દિવ્ય શક્તિનું ચેતનામાં અવતરણ થાય અને તે સક્રિય બને ત્યારે તે (કર્મમાં રસ, આનંદ) આવતો હોય છે. સારી રીતે સફળતાપૂર્વક થતાં કર્મ પાછળ પ્રેરણા કામ કરતી હોય છે. માત્ર મનની દરમિયાનગીરીથી થતું કાર્ય એટલું સુંદર, સફળ રીતે થતું નથી. એમ શ્રી અરવિંદ કવિતા, સંગીત, રસોઈ વિગેરે કાર્યોનું ઉદાહરણ આપીને સમજાવે છે.

પુસ્તકનો પાંચમો ભાગ કર્મ અને તેમાંથી નિપજતા થાકના પ્રશ્નોને લગતા શ્રી અરવિંદે સૂચવેલા ઉપાયોને લગતો છે. શ્રી અરવિંદે કહ્યું છે કે કર્મ તમને થકવી નાંખે એવું - એટલું ન હોવું જોઈએ. કારણ કે વધુ પડતું કર્મ તમસ લાવે છે તથા કાર્યની ગુણવત્તાને ઘટાડે છે. વધુ પડતો શ્રમ ન કરવો જેથી થાકનો અનુભવ થાય એ વાત સાચી પરંતુ સાથે સાથે કર્મમાંથી થાક લાગવાનાં કારણોમાં કાર્ય પ્રત્યે વ્યક્તિનો અણગમો, નાપસંદગી પણ હોઈ શકે છે. આમાંથી ઉગરવાનો ઉપાય પ્રત્યેક કામ શ્રી માતાજીનું છે એમ માનીને આનંદથી કરવાનું શ્રી અરવિંદ સૂચવે છે. વળી જ્યારે આવી થાકની મનઃસ્થિતિ સર્જાય ત્યારે બહારથી અને અંદરથી શાંત-શક્તિ થઈ જવાથી તથા તમારી આસપાસ રહેલી શક્તિને અંદર બોલાવવાથી લાભ થઈ શકે છે. મહત્ત્વની વાત તો કર્મ કરતી વખતે ઊર્ધ્વતર દિવ્ય ચેતનાની શક્તિની હાજરીની છે. શ્રીરમણ મહર્ષિ પણ પ્રાપ્ત કર્મ શાંતિથી નિષ્કામ ભાવે કરવા જણાવે છે. નવા નવા નિમિત્ત ઊભા ન કરવા તથા વધુ પડતો શ્રમ ન કરવાની સલાહ આપે છે.

છઠ્ઠા ભાગમાં કર્મોમાં દિવ્યશક્તિની હાજરી સંબંધી પત્રો છે. સમગ્ર પત્રોનો સાર જો કાઢયો હોય તો એમ કહી શકાય કે અજંપો રાખ્યા સિવાય, કામમાં સારા-ખોટાનો વિચાર કર્યા સિવાય, કામમાં ભૂલની ચિંતા કર્યા સિવાય કામમાં નાસીપાસ થયા વગર, કામ પત્યા પછી તેના પર વિચારો કર્યા સિવાય મનની અક્ષુબ્ધતાથી, દિવ્યશક્તિની હાજરીની સભાનતાથી તથા તેને તમારામાં કામ કરવા દઈને તમારું કામ ઉત્તમ રીતે કરો. જ્યારે ભૌતિકત મન તથા શરીર ઊર્ધ્વતર ચેતના

પ્રત્યે ખુલ્લાં થશે ત્યારે કર્મોમાં કુશળતા આપોઆપ આવશે.

'કર્મોની ઉપયોગિતા' એ મારે માટે જાણવાની એક નવી બાબત છે. તે તમારા સ્વભાવની કસોટી કરે છે. તથા પોતાના દોષો અને મર્યાદાઓનું દર્શન કરાવે છે. દોષોમાંથી મુક્ત થવાની સાધનારૂપે કર્મ કરવું જરૂરી છે. વ્યક્તિ જેટલી વધારે પોતાની ટીકા સહન કરી શકે અને પોતાની ભૂલો જોઈ શકે તેટલા વધારે પ્રમાણમાં પોતાની ક્ષમતાની પૂર્ણતાએ પહોંચી શકે. 'ધમ્મપદ' બૌધ્ધ ધર્મનો ગીતા જેવો ધર્મગ્રંથ છે. આશ્રમની શાળાના વિદ્યાર્થીઓને નિમિત્તે બનાવીને 'ધમ્મપદ' ના અર્થ વિસ્તાર દ્વારા શ્રી મીરામ્બા મધરે આપણને 'જીવનની એક આચારસંહિતા' આપી છે. તેમાં તેઓએ કહ્યું છે : ''બીજાઓ શું કરે છે કે શું ભૂલો કરે છે તે પ્રત્યે ધ્યાન ન આપવું, પોતાની ત્રુટીઓ-બેદરકારીને સુધારવી, તમારી ભૂલો બતાવે તેવા સૌ પ્રત્યે ખૂબ કૃતજ્ઞ થવું તથા તેમનો સાથ શોધવો.'' વળી શ્રીમાતાજીએ એમ પણ કહ્યું છે : ભૂલો ગમે તેટલી કરી હોય, ભૂતકાળ ગમે તેટલો ખરાબ હોય પરંતુ પ્રત્યેક માનવી તેની અંદર એક પરમદિવ્યતા વહન કરી રહ્યો છે જે કોઈ પણ સમયે આશ્ચર્યજનક ઉપલબ્ધિમાં પરિણમી શકે છે. શ્રી અરવિંદે કહ્યું છે : ''ટીકા થાય અને અપૂર્ણતાઓ બતાવવામાં આવે તો તેને આવકારતાં શીખો, તમે તે જેટલું વધારે કરી શકશો તેટલી વધુ ઝડપથી તમારી પ્રગતિ થશે.''

અન્ય વ્યક્તિઓ સાથેના વ્યવહારમાં 'બીજાના દૃષ્ટિબિંદુને સમજી શકનાર વ્યક્તિ' 'અથડામણની સંભાવના'માંથી બચી જાય છે. બીજાઓનું અતિ કઠોર મૂલ્યાંકન, માત્ર નબળી બાજુઓ તથા તેની અપૂર્ણતાઓ જોવાને બદલે તેની સારી બાજુ પૂરતા પ્રમાણમાં જોવાની તૈયારી સાધકે રાખવી જોઈએ. આગ્રહ રાખવા જેવી વસ્તુનો આગ્રહ રાખીને પણ સામી વ્યક્તિનો વિચાર કરવો જોઈએ. શ્રી શ્રી મા આનંદમયીને વસુબહેને (આકાશવાણીના ભૂતપૂર્વ નિવૃત્ત ડિરેકટર) પ્રશ્ન કર્યો હતો કે હાથ નીચેના માણસો પાસેથી કામ લેવા કઠોર થવું પડે છે, ધમકાવવા પડે છે તેનું શું ? ઉત્તરમાં માએ કહ્યું હતું કે, એનું અને તમારું લક્ષ એક જ છે, આજીવિકાપ્રાપ્તિ માટે શકય હોય ત્યાં સુધી કઠોર ન થવું. અનિવાર્ય હોય તો જરૂરિયાત જેટલું જ કહેવું, તેનાથી વધારે કદાપિ નહિ. 'શ્રી અરવિંદે પત્રમાં કહ્યું છેઃ ''જ્યારે કામ બગડતું ન હોય ત્યારે લોકોને તેમની પોતાની રીતે કામ કરવા દેવું, પરંતુ જ્યારે તેમની રીત કામની શિસ્તથી વિરોધાતી હોય ત્યારે તેમને નિયંત્રિત કરવા - ગુસ્સો કરીને નહિ પણ શાંતિથી, ઉદારતાપૂર્વક (કહેવું.)'' (ક્રમશઃ)

## (૫) શ્રીમોટા એટલે સમર્થનો સથવારો

ક્રિષ્ના જોષી પંડ્યા

હમણાં-હમણાંથી જ્યારે પણ એકલી પડતી ત્યારે મન અજંપ બની જતું. જીવનના એક એવા વળાંક પર હું આવી ઊભી હતી કે, એકલતાપણું, અસ્વસ્થતા અને, વિહ્‌વળતામાં પરિણમતી અને, મર્કટમન કૂદાકૂદ કરતું. ન લેવાના નિર્ણયો લેવા માંડતું. પણ, એક દિવસ મારા હાથમાં પૂ.શ્રીમોટાનાં પુસ્તકો આવ્યાં. શ્રી રમેશભાઈ ભટ્ટનું 'મળ્યા ફળ્યાની કેડી' વાંચીને હું એટલી અભિભૂત થઈ ગઈ હતી કે, તેમણે અનુભવેલી અનુભૂતિઓ મારા મનમાંથી ખસતી ન હતી.

મારા હાથમાંનાં મોટાનાં (મોટાને હું મોટા તરીકે જ ઉલ્લેખીશ કારણ કે, મને તેમનામાં પૂજ્યભાવ કરતાં પોતીકાપણું વધારે લાગે છે.) ફોટાવાળા પુસ્તકને ફેરવતાં ફેરવતાં મેં એ છબિમાં કશુંક ખેંચાણ અનુભવ્યું. મેં ધારી-ધારીને ફોટાની સામે જોયું. મોટાના હાસ્યમાં રહસ્ય છુપાયેલું હતું. તેમની આંખોમાંથી અનન્ય પ્રેમ વરસી રહ્યો હતો. ઘડીકમાં મોટા મારી મશ્કરી કરી રહ્યા હોય તેવું પણ લાગતું. સ્હેજ ચીડાઈને અને પડકાર ફેંકતી હોઉં તેમ મોટાના ફોટા સામે ધારી-ધારીને જોયા પછી મનોમન મેં તેમને પ્રશ્નો પૂછવાનું નક્કી કર્યું.

પ્રશ્નો તો મારા મનમાં અસંખ્ય હતા. બલ્કે, ગૂંચવણો વધુ હતી. એ ગૂંચવણોને પ્રશ્ન સ્વરૂપ આપવું પણ મારા માટે શકય ન હતું. છતાં, મોટાંના પાંચ-છ પુસ્તકોમાંથી એક પુસ્તક - મૌન મંદિર હરિનું દ્વાર - ઊપાડી ફોટાવાળા પુસ્તકને સાથે લઈ હું હિંચકે બેઠી. જેને પ્રશ્નસ્વરૂપ આપવું પણ મુશ્કેલ હતું. તે મૂંઝવણો મોટાનાં ફોટાની સામે જોતાં જ એક પછી એક પ્રશ્ન બનીને બહાર આવવા લાગી.

પહેલો જ સવાલ પૂછાયા પછી ''મૌન મંદિર'' પુસ્તકને વચ્ચેથી અડસટ્ટે જ ખોલ્યું. મારા આશ્ચર્ય વચ્ચે મારા મનનું સમાધાન કરતું લખાણ એ પાના પર હતું. માત્ર સમાધાન જ નહીં એ મારા પ્રશ્નનો સંપૂર્ણ જવાબ હતો. આવું જ બીજા પ્રશ્નમાં પણ થયું. મારી એકલતાની નિર્બળતા તો ક્યાંય ગુમ થઈ ગઈ પણ ઊપરથી મનને શાતા પણ વળી મને આશ્ચર્ય થઈ રહ્યું હતું કે મોટાનાં કોઈ પણ પુસ્તકનું કોઈ પણ પાનુ મારા સવાલનો જવાબ શી રીતે બની શકે ? બે પ્રશ્નોના જવાબ પછી ત્રીજો પ્રશ્ન સ્ફૂર્યો અને મેં જુસ્સાથી ફોટા સામે જોઈ ત્રીજો સવાલ પૂછ્યો. મોટા મંદ-મંદ હસી રહ્યા હતાં. મેં એકદમ નિશ્ચિંતતાથી એક પાનુ ખોલ્યું અને મારા સવાલના જવાબની શ્રધ્ધા સાથે જ તે વાંચવા માંડ્યું. એક પાનું બીજું પાનું.... ત્રીજું પાનુ.... મેં પૂછેલા પ્રશ્ન સાથે સુસંગત કોઈ જ લખાણ આવતું ન હતું. હું

મૂંઝાઈ રહી હતી. અકળાઈ રહી હતી ત્યાં જ બંગલાનો ઝાંપો ખખડ્યો.

મેં ઊંચુ જોયું. ઝાંપામાંથી પડોશમાં જ રહેતા પૂ.મોટાના અનન્ય શિષ્ય શ્રી રમેશભાઈ ભટ્ટ હાથમાં મોટાનાં પુસ્તકો સાથે પ્રવેશ્યા. હું ચોંકી ગઈ. મેં એમને આવકાર આપ્યો અને કહ્યું, ‘‘કાકા, મોટા સાથે જ વાત કરી રહી હતી.’’ તેમના ચહેરા પર સ્મિત હતું.

અવશ્ય તબિયતના કારણે ઘરની બહાર ખૂબ જ ઓછું નીકળનાર શ્રી રમેશભાઈને આવેલા જોઈ આશ્ચર્ય થયું. થોડી ઔપચારિક વાતો કરી, પણ મારા મનમાં, બીજું જ કંઈક હતું. મેં પૂછેલો પ્રશ્ન અને, તેનો ન મળેલો જવાબ મનમાં ઘૂમરાઈ રહ્યો હતો. શ્રી રમેશભાઈનું અચાનક આગમન તો વિસ્મયકારક હતું જ. પણ, વધુ વિસ્મય તો ત્યારે થયું જયારે મોટા ભાગે મૌન પાળતા શ્રી રમેશભાઈએ બોલવાનું ચાલુ કર્યું હું અવાચક હતી.

“Everything is preplanned” તેમણે બોલતાં બોલતાં એક વાક્ય કહ્યું, અને મારી આંખોમાં આંસુ તરી આવ્યાં. મેં કહ્યું, ‘‘કાકા તમે મને એ સવાલનો જવાબ આપી રહ્યા છો જે હમણાં મેં મોટાને પૂછ્યો હતો.’’ ખૂબ જ સહજતાથી વાતને ટાળી દેતા તેમણે કહ્યું, ‘‘સવારે હું ધ્યાનમાં બેઠો હતો ને મને પ્રેરણા થઈ કે, બહેનને મળવું છે. આવું મારી સાથે ઘણી વાર બને છે. એમાં બહુ હો...હા... ના કરવી.’’

તે પછી સામાન્ય રીતે મૌન રહેવાનું પસંદ કરતાં શ્રી રમેશભાઈ ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધી સતત બોલ્યા. તેમની અસ્ખલિત વહેતી વાણી મારા મનનું સમાધાન કરતી રહી. મારા માટે તો આ અનુભવ અદ્ભુત હતો. જેમને મળવાની ઘણાં સમયથી ઈચ્છા હતી પણ, તેમનાં અસ્વસ્થ તનને કારણે મળવા જવામાં સંકોચ થતો તે સામેથી ઘરે આવ્યા અને, મારા સવાલોનાં જવાબો આપી રહ્યા હતા. તેમણે ‘‘ભગતમાં ભગવાન’’ પુસ્તક આપીને તેની કિંમતના પૈસા માંગ્યા ત્યારે તો સ્વયં મોટા મારા ઘરે આવ્યા હોય તેવું મને લાગ્યું. મોટામાં મારી શ્રધ્ધા દૃઢ બનાવતી તેમની વાણી સાંભળી હું ગદ્ગદ્ થતી રહી.

શ્રી રમેશભાઈએ સૂચવેલ આત્મનિવેદન અંગેનો પ્રયોગ મેં શરૂ કર્યો. પહેલા જ દિવસે મોટા સમક્ષ રિપોર્ટિંગ - દિવસ દરમ્યાન બનેલ બનાવોનું નિવેદન, સમીક્ષા વ.વ. કરી હું હળવી થઈ ગઈ. મને એમાં મઝા પણ આવી. બીજા દિવસે સવારે પણ મારો દિવસ મોટાને સમર્પિત કરતું નિવેદન કરી મેં દિવસની શરૂઆત કરી. પણ, રાત્રે આ કાર્ય હું ભૂલી ગઈ. રિપોર્ટિંગ કરવાનું સંપૂર્ણપણે મારા ધ્યાનમાં ના આવ્યું. પથારીમાં પડતાવેંત હું સૂઈ ગઈ. પણ, એ નિદ્રા ફક્ત તંદ્રા બની રહી. આખી

રાત મોટાએ ટપાર્યા કર્યું કે, આત્મનિવેદન બાકી છે. હું ઝબકીને જાગી જતી. "હા મોટા કરું છું આત્મનિવેદન." કહી પાછી ઝોકે ચડી જતી. આમ ને આમ આખી રાત વીતી ગઈ.

મોટાનાં પુસ્તકોનું વાચન ચાલુ જ હતું. તેમાંના એક પુસ્તકમાં સ્વામીશ્રીએ 'MOTA'નું ઊંધું 'ATOM' કરી તેમનાં વિરાટ સ્વરૂપનો પરિચય આપ્યો હતો. તે મારા વાચનમાં આવ્યું. બીજા દિવસે પાટણ જવાનું થયું. બીજાના ઘરે હોવાથી આત્મનિવેદન સંકોચવશ ના કરી શકી. જોકે, આખો દિવસ મોટા તો મારા મનમાં જ રહ્યા. તે રાત્રે ઊંઘમાં આખી રાત મને 'ATOM' 'ATOM' એવો શબ્દ વારંવાર સંભળાઈ રહ્યો. સવારે ઊઠી ત્યારે પણ 'ATOM' શબ્દ મારી અંદર ઘૂમરાઈ રહ્યો હતો.

પાટણથી અમદાવાદ પાછા આવતાં રસ્તામાં બસમાં પડેલ પંચર જેવી સાવ નજીવી મુશ્કેલીમાં પણ મનમાંથી આપોઆપ એક અવાજ ઊઠતો મેં અનુભવ્યો.

"મોટા છે ને...!!"

સાવ સરળ લાગતું આ વાક્ય એની જાતેજ અંદરથી બોલાતું, સંભળાતું અને 'મોટા તારી સાથે જ છે, તું એકલી નથી' એવું કહી જતું.

શ્રી પ્રભુદાસભાઈ જાનીનું પુસ્તક "ન ઓળખ્યા ભગવંતને" વાંચતી વખતે વારંવાર એવું લાગ્યું કે, આ તો મારી જ વાત છે. મોટાનો ફોટો જોઈ, તેની તરફ મેં પણ અદમ્ય આકર્ષણ અનુભવ્યું હતું. ખાસ તો એ તસ્વીરમાંની આંખો મને એકદમ જીવંત લાગતી અને, "મોટા હતા ત્યારે તેમને મળી હોત તો, કેવું સારું થાત" કે, મોટાને સદેહે મળેલા સૌ સદ્ભાગી છે તેવો વસવસો અદશ્ય થઈ જતો.

"હું છું જ." એવો સંદેશ એ છબી ફેલાવતી હોય તેમ લાગતું. મોટા સૂક્ષ્મ સ્વરૂપે સાથે રહીને અંદરની જે પ્રક્રિયાઓ કરતાં તે જ તેમની હાજરીનો અહેસાસ કરાવતી રહેતી. શ્રી પ્રભુદાસભાઈએ લખ્યું છે કે, મોટા દ્વારા આપણી અંદર સતત સૂક્ષ્મ પ્રક્રિયાઓ થતી રહે છે. આ વાંચ્યા પછી મને ખબર પડી કે, છેલ્લા થોડા સમયથી મારા સમગ્ર વિચારતંત્રનો હવાલો મોટાએ સંભાળી લીધો છે. મારા દેહ સિવાયના સૂક્ષ્મ તંત્રને મોટાએ અંકુશમાં લઈ લીધો છે. અને, તેથી જ કોઈ પણ વિચાર આવતા કે શંકા ઊઠતા તેનું સમાધાન તેની પાછળ જ ઊઠતું, કોઈ મુશ્કેલી જણાતાં "મોટા તો છે જ ને...!" એવો અવાજ અંદરથી ઊઠતો. અને, બધી જ ચિંતા ગાયબ થઈ જતી. શ્રી પ્રભુદાસભાઈના પુસ્તકમાં "સમર્થનો સાથ" માં શ્રી સુરેશ સંતનાં લખાણોની વિગત હતી. તેમાં મોટાએ તેમને કહેલું કે, "કોઈ જ ચિંતા ના કરીશ, તને સમર્થનો સાથ છે."

આ "સમર્થનો સાથ" શબ્દો મારા મનમાં એટલા ઊંડા ઊતરી ગયા કે, એ સમર્થનો સાથ

મને મળ્યો તો છે પણ કયામ રહેશે કે નહી તે અંગેની શંકા થવા માંડી. અને, રાત્રે આત્મનિવેદન કરતી વખતે તો આ ચિંતા મારી આંખોમાંથી આંસુ બની વહી ચાલી. મોટાનાં ફોટા સામે જોઈ આંખમાંથી વહેતા આંસુ સાથે મારો મનોમન મોટા સાથે સંવાદ ચાલુ થઈ જતો. ખૂબ આર્તભાવે હું તેમને વિનવતી રહી. મોટા, મને છોડીને ના જશો. ખૂબ મોડા મળ્યા છો પણ, હવે મને છોડી ના જાઓ તેની જવાબદારી તમારી જ છે. મારી શ્રધ્ધા તમારામાં ટકી રહે તેવું કાંઈક કરજો. પણ, મોટા મને છોડતા નહી. મારી સાથે જ રહેજો....''

એક પછી એક લાગણીઓ બહાર આવતી રહી અને, મોટા તે સાંભળતા રહ્યા. હું આવું લખી શકું છું. કારણ, હું મોટાની છબી નહિ ખુદ મોટા સાથે જ વાત કરી રહી હતી.

શ્રી રમેશભાઈ ભટ્ટે મને કહ્યું હતું કે, મોટાનું કામકાજ એવું છે કે, ખૂંટે બાંધેલ વાછરડું અમુક વિસ્તારથી વધુ દૂર જઈ શકે નહી તેવી રીતે આપણે તેમની સાથે બંધાયેલા રહીએ છીએ. થોડા આઘા-પાછા થઈએ ત્યાં દોરડુ ખેંચાય અને, મોટાનું જ્ઞાન થાય. વધુ દૂર જતા રહીયે તો લાંબુ દોરડુ ખેંચીને મોટા પોતાની નજીક લાવી દે. આ પ્રસંગ વારંવાર યાદ આવે તેવો ઘણા બનાવો મારી સાથે બનતા રહ્યા. મોટામાં મન પરોવાયા પછી મને સતત વિચાર આવતા રહેતા કે, મારી શ્રધ્ધા ટકી રહેશે ને? ઘણી વખત એવું લાગતું કે, હમણાંથી મોટા થકી કશું સ્ફુરણાં થતી નથી. આજે અચાનક તેનો પુરાવો મળી ગયો.

સમસ્યાથી ઘેરાયેલા મારા મને સાંધ્ય ટાણે પ્રભુ પાસે એક માંગણી કરી અને, એકદમ દૃઢ નિર્ણય જણાવતાં કબુલ્યું કે, પ્રભુ, આ પહેલાં મારી માંગણી મુજબ બન્યા પછી તેમાંથી મુકરી જવાનું બનેલું તેવું હવે નહી બને. સાવ જ સહજ આ પ્રાર્થના પછી ''ભગતમાં ભગવાન'' પુસ્તક વાંચવા બેઠી.

''અણધાર્યુ હદે ઊગે તે તો ભેટ પ્રભુ તણી.''

એવું પૂ. શ્રીમોટાનું લખાણ વાંચવામાં આવ્યું. અને મેં વિચાર્યું, મને તો આવી સ્ફૂરણાને કે, તેનાં સમર્થનને લગતું કાંઈ મળતું જ નથી. અને, બરાબર તે જ સમયે બે પાના પહેલાં વાંચેલી પંક્તિ યાદ આવી.

''નિશ્ચયનાં મહેલમાં વસે મારો વ્હાલમો.''

તરત જ પૂજા ટાણે લીધેલા નિર્ણયને વળગી રહેવાનાં સમર્થનરૂપે જ આ વાક્ય પૂ.શ્રી દ્વારા સમર્થિત થયાનું મેં અનુભવ્યું.

સાથે.... મોટા તો મોટા જ છે.

મારા પિતા શ્રી સદ્‌ગુણરાય જોષીની મોટામાં અનન્ય શ્રધ્ધા અને સૌથી નાની દીકરી તરીકે હું પિતાસાથે વધુ પ્રેમથી જોડાયેલી. ૭૧

વર્ષની ઉંમરે તેમને હૃદયમાં ૯૦% બ્લોકેજ હોવાથી એન્જીયોપ્લાસ્ટી કરવી પડે તેમ હતી. પપ્પાને સ્ટ્રેચર પર ઓપરેશન થિયેટરમાં લઈ જતા હતાં ત્યારે મારા મનમાં સહજ સ્ફૂર્યું. લાવને ........ પપ્પાને કહી દઉ કે મોટાને યાદ કરજો. પણ, એ સ્ફૂરણાને માંડવાળ કરતો બેફિકરાઈભર્યો એવો વિચાર પણ આવ્યો કે મોટા જ કહી દેશે. પપ્પાનું ઓપરેશન પતી ગયું. એમને બહાર લાવ્યા અને, ભાનમાં આવ્યા પછીનું તેમનું પહેલું વાક્ય હતું કે, "કીની (તેં મને પ્રેમથી કીની કહેતાં) મેં તો મોટાને જ બોલાવી લીધા હતાં. હું સ્તબ્ધ હતી. ખરેખર મોટા તો સર્વશક્તિમાન છે.

એ પછી પપ્પાને સ્વસ્થ રહી બીજા ૧૫ વર્ષ મોટાનાં સ્મરણ સાથે જીવતાં મેં જોયા છે. ૮૬ વર્ષની ઉંમરે જયારે અંગો ક્ષીણ ગઈ ગયા. ડૉક્ટરે કહ્યું, બે જ દિવસ બાકી છે. આ વાતની પપ્પાને ખબર ન હતી. ત્યારે પપ્પાએ સામેથી માળા માંગી અને, બધામાંથી પોતાનો મોહ ખેંચી લઈ, ફકત હરિઃૐ ની માળા કરવા લાગ્યા. તન લગભગ નિશ્ચેટ હતું પણ, આંગળીઓ મણકાં પર બરાબર ફરતી. અને, માળા પૂરી થાય મોટો મણકો આવે એટલે હાથ ઊંચો કરી માળા આંખ પર પણ અડાડે. પૂ. શ્રી મોટા છેવટ સુધી હરિઃૐ નો જાપ કરતાં પપ્પાની સાથે જ રહ્યા હશે તેની મને ખાતરી છે.

**૫-અ સંતસમાગમનું મહત્ત્વ શ્રીમોટા**

એ વિષયમાં મેં ચિંતવન કરેલું અને ત્યારે મને સમજાયેલું કે આ સમાગમ છે. સંતલોકોનો સમાગમ ને એના પડેલા સંસ્કારો જેમ ચિત્તમાં પડેલા કામ-ક્રોધાદિકના સંસ્કારો ઉદય વર્તમાન થાય છે, એવી રીતે આ જે સંસ્કાર એના પડયા એ ઉદય વર્તમાન થાય, ત્યારે એ જ રીતે બમણા જોશથી આપણને એમાં ખેંચી જાય અને જો આપણે ભગવાનની કૃપા હોય અને એમાં વળગી રહીને સાધન કરવા લાગ્યા તો ઝટ.... કારણ કે પાછળનો એક Force છે. એ Force તમારી ઇચ્છાથી કે તમારી જિજ્ઞાસાથી અભ્યાસ કરો તેમાં એ કદી નહિ આવે. આ મેં પોતે અનુભવેલી વાત કહું છું સાહેબ.

એટલે આ સમાગમનો મહિમા બહુ ભારે પણ આજે સમાજમાંથી એ નીકળી ગયું છે. એનું રહસ્ય કોઈ જાણતા નથી. અને ધારો કે મારા જેવો કોઈક આપની પાસે તો બહુ ખુલ્લા દિલથી વાત કરું છું પણ બીજાની સાથે વાત નહિ કરું. નહિ તો એમ જ માને કે પોતાની મહત્તા બતાવવાને માટે 'મોટા' આ બધી વાત કરે છે. હું કહું જ નહિ આવી વાત કોઈ દિવસ. પણ જ્યાં ખુલ્લું દિલ હોય તેમ જ જિજ્ઞાસાની ભાવના હોય, સત્સંગની ભાવના હોય ત્યાં હંમેશા ખુલ્લા થવું. ગુરુમહારાજનો હુકમ છે.

જીવતા નર સેવીએ.ત્રીજી આ.પૃ.૬૫ (ટેપ રેકોર્ડડ વાણી પરથી) સંપાદક : શ્રી રજનીભાઈ બરમાવાળા

## (૬) એક કબૂલાત નામું : અભયવચન

**ડૉ.અચલાબહેન ગાંધી**

એક વખત પૂજ્યશ્રી મોટા અજ્ઞાતવાસમાં ડુમસમાં હતાં. તેમને ડૉક્ટરે ઈંજેકશનનો કોર્સ લેવાનું કીધેલું. (ડૉ.આર.કે.દેસાઈ) એટલે મને તેઓ ઈંજેકશન મૂકવા માટે રોજ ડુમસ બોલાવતા. સાંજે જતી અને રાત્રે ત્યાં સૂતી ને સવારમાં ઘરે પાછી આવતી.

રાત્રે અગિયાર વાગ્યા હશે, મને ટેન્શનમાં ઊંઘ આવતી ન હતી તેથી મોટા જાણી ગયા અને મારી પાસે મારા ખાટલા પાસે આવીને ઊભા. હું તો સૂતી જ રહી. મોટાએ મને કીધું કે ''બધા ભલે ઝઘડો કરે પણ તારે વચમાં પડવું નહિ.'' અને ત્યારબાદ તેઓએ કીધું કે ''હું કંઈ આ માટીનો દેહ નથી પણ મારામાં જીવતા જાગતા ચેતનનો રણકાર છે એટલે જ્યારે તું મુશ્કેલીમાં હોય ત્યારે મને પ્રાર્થના કરતાં શીખી જા તો હું તને ચોક્કસ મદદ કરીશ.'' આ પ્રમાણે બોલ્યા ને પછી જતા રહ્યા.

વળી ઘણી વખત મોટા કહેતા કે ''મારા જેવો જેને મળ્યો હોય તેણે તો ચિંતા કરવાની જરૂર જ ના હોય, નિરાંતે સોડ તાણીને સૂઈ જવું જોઈએ.''

વળી કોઈ વખત આપણે મોટાને મળવા આવ્યાં હોઈએ ત્યારે મોટા પૂછે કે - ''કેમ છે, ભણવાનું કેમ ચાલે છે?'' વળી તેઓ બોલે કે -''ટી.વી.માં જેમ પીક્ચર દેખાય છે તેમ તમે બધા શું કરો છો તે મને સ્પષ્ટ દેખાય છે.'' એટલે મને તો થાય કે મોટા તો આપણું બધું જોતા જ છે અને એટલે તેમનાથી બીતી પણ રહું અને એ તો પિતા એટલે આપણું આડુંઅવળું કંઈ જોવે તો ખૂબ લેવડાટે.

વળી કોઈ વાર મોટા બોલતા કે - ''અચલા, હું તો તારી પાછળ પાછળ જ હોઉં છું, ભૂતની જેમ, ભૂત વળગેલું હોય તો છૂટી શકાય પણ જેને હું વળગેલો હોઉ તો મારાથી ના છૂટી શકે.''

વળી મોટા કહેતા કે - ''હું પાછળ રહું છું તેને બદલે મને તમારે આગળ કરવાનો છે.'' એટલે મોટા આગળ ને આપણે પાછળ એ રીતે ચાલવાનું છે, એટલે મોટાને પહેલા આગળ રાખીશું તો આપણા કામ સારી રીતે ઉકેલશે. હરિઃૐ.

હરિઃૐ

### જાહેર વિનંતી અને જાણકારી

'હરિવાણી ટ્રસ્ટ'ના ટ્રસ્ટીમંડળની મિટિંગમાં ઠરાવ થયા મુજબ જાન્યુઆરી, ૨૦૨૪ થી 'હરિભાવ' નું લવાજમ નીચે મુજબ લેવાશે. જેની સૌ સ્વજનોએ નોંધ લઈ સહકાર આપવા વિનંતી છે.

વાર્ષિક લવાજમ : ભારતમાં રૂા. ૨૦૦/-
વાર્ષિક લવાજમ : પરદેશઃ રૂા.૧૫૦૦/-
(એરમેઈલથી) .... સંપાદક

ખંડવા પાસે સાંઈખેડામાં પૂ. કેશવાનંદદાદાની ધૂણી. એ જગતમાં ધૂણીવાળાદાદા નામે પ્રખ્યાત હતા. એમના શિષ્ય અવિનાશ બાલયોગી જે મોટાના પ્રથમ ગુરુ. એ બહુ જ વિલક્ષણ હતા. શરીર ઉપરની એવી સ્થિતિમાં હંમેશા ભાવમસ્ત દિવસ ને રાત એ જીવતા. દાદાએ એને પ્રેરણા આપી — કેશવાનંદદાદાએ કે તું જા. ગુજરાતમાં જા અને ચુનીલાલ ભગતને અહીં તેડી લાવ. ક્યાં સાંઈખેડા? ક્યાં નડિયાદ? એને કેવી રીતે એ પ્રેરણા કેવી રીતે આપી? ચુનીલાલ ભગતનું નામ કેવી રીતે ખબર પડી? આ એક અતિશય ગૂઢ વાત છે.

**(લાવણી સાખી)**

**અમદાવાદ મુકામે આવ્યા બાલયોગી મહારાજ,**
**એલિસબ્રીજ નીચે તે ઠેર્યા, ધૂણી ધખાવી ત્યાં જ.**
**‘નડિયાદથી ચુનીલાલને બોલાવો’ મહારાજ કહે,**
**નાનુભાઈ નડિયાદનિવાસી, મોટાને જાવા સૂચવે.**

બાલયોગીજી અમદાવાદ આવ્યા. એલિસબ્રીજ નીચે એણે ધૂણી નાંખી. ત્યાં એની પાસે આવનારા બધા લોકોને કહે ‘ચુનીલાલને બોલાવો, ચુનીલાલને બોલાવો.’ તે નડિયાદથી એક નાનુભાઈ કંથારિયા એ વખતે ત્યાં એનાં દર્શન માટે ગયા. એણે આ સાંભળ્યું. એણે મોટાને નડિયાદ જઈને વાત કરી કે કોઈક સાધુ આવ્યા છે, તમારું નામ દઈને બોલાવે છે.

**મોટાને આશ્ચર્ય થયું, પણ અમદાવાદ જવું કેમ?**
**નાણાંની સગવડ નહિ જરીયે, જવું જરૂરી લાગે એમ.**
**મિત્ર કનેથી લઈને પૈસા મોટા અમદાવાદ ગયા,**
**મળ્યા બાલયોગીજીને જઈ, મોટા ખરે જ ધન્ય થયા.**

મોટાને આશ્ચર્ય થયું પણ અમદાવાદ જવું કેમ? પૈસાની સગવડ નહિ. નાનુભાઈ પાસેથી થોડા પૈસા ઉછીના લઈને મોટા અમદાવાદ આવ્યા. મિત્ર પાસેથી પૈસા લઈ મોટા અમદાવાદ આવ્યા, આવી અને પોતાના જીવનનો રંગ બદલનાર એ મહાન યોગીને મહાસંતને પહેલીવાર ત્યાં મળ્યા, આવો અવસર માણસના જીવનમાં વારંવાર આવતો નથી,

**(સિયાનો કાનરો ઢાળ)**

**ધન્ય ઘડી જીવનની આવી (૨),**
**લાખો યત્ન કર્યું ના મળતી (૨),**
**વિરલ ઘડી આવી મનભાવી... ધન્ય**

જીવનની ધન્ય ઘડી આવી, લાખો પ્રયત્નો કરવા છતાં, જે ક્ષણ મનુષ્યને પ્રાપ્ત થતી નથી, એ ક્ષણ મોટાના જીવનમાં આવી.

**શ્રીહરિ જેની કરતા વરણી (૨),**
**તે જ વરે હરિને મન ભાવી...ધન્ય**

ઉપનિષદો કહે છે કે ભગવાનને જે પસંદ કરે છે, એ પહેલાં ભગવાને એને પસંદ કરી લીધેલો હોય છે.

**કાપી લાંબો પંથ સરિતા (૨)**

**સાગર નિજમાં લ્યે જ સમાવી..ધન્ય.**

પહાડમાંથી નીકળેલું નાનકડું ઝરણું ધીમે ધીમે કરતાં કરતાં કાળમીંઢ પથ્થરોને તોડતું તોડતું લાંબા રસ્તાઓના વળાંકોને લેતું લેતું આખરે ધન્ય ક્ષણે એ સાગરમાં સમાય છે.

**સ્વાતિ બિંદુ પડે છીપ માંહે (૨)**

**અમૂલખ મોતી રહે એ બનાવી.. ધન્ય.**

કોઈ ધન્ય ક્ષણે છીપની અંદર સ્વાતિ નક્ષત્રનું પાણી પડે. એમાંથી મોતી બની જાય છે. જ્યારે દરિયામાં ભરતી આવે, ત્યારે મોટા વહાણને એક નાનકડું બાળક પણ ઠેલો મારે તો તે પાણીની અંદર ચાલ્યું જાય.

**લોહ તપેલું લાલચોળ જો (૨),**

**મનમાન્યો દે ઘાટ ઘડાવી.... ધન્ય**

લોખંડ જ્યારે તપેલું હોય લાલચોળ, ત્યારે એનો મનમાન્યો ઘાટ ઘડી શકાય છે. એવો અવસર અમૂલખ અવસર મોટાના જીવનમાં આવ્યો.

**અવસર મૂલ્ય જગે અતિ ભારે, ઓળખવો નહીં સહજ લગારે,**

**અવસર શ્રીહરિનો જ અણસાર, પ્રકટ પ્રભુનો એ અવતાર.**

**અવસર અવસરરૂપ જણાય, પૂર્ણકૃપા હરિની જો થાય,**

**અવસરનો ઉપયોગ કરાય, જો અવસર અવસર સમજાય.**

અવસરનું મૂલ્ય અતિશય છે. અવસરને ઓળખવો એ સહેલું નથી. અવસર એ જ ભગવાનનો અણસાર છે. અવસર એ જ પ્રભુનો પ્રકટ અવતાર છે. અવસર અવસરરૂપ ત્યારે જ જણાય જ્યારે ઓળખાય કે ભગવાનની આપણા પર પૂરેપૂરી કૃપા થઈ હોય ત્યારે. અવસરનો આપણે ત્યારે જ ઉપયોગ કરી શકીએ કે જો આપણે અવસર એ અવસર છે એવી સમજ પડે તો.

ગુરુજીને મળ્યા અને

**(લાવણી સાખી)**

**પ્રથમ દિને ખવરાવી દીધી તેર શેર મીઠાઈ,**

**કેમ પચી, ક્યાં ગઈ સમાઈ, તે કેમે ના સમજાય.**

પહેલે દિવસે તેર શેર મીઠાઈ મોટાને ખવડાવી બાલયોગીજીએ. કેવી રીતે પચી ગઈ એ, એ ક્યાં જઈને સમાઈ ગઈ, કોઈ રીતે સમજાય નહીં.

**હાથી સમ પાણીમાં કૂદે, રાત સમે મહાયોગી,**

**અવશ બની અનુસરતા મોટા, શક્ય ન બનતું કો’થી.**

**રજા માંગી મોટાએ જાવા, ચાર દિવસ પૂરા થાતા,**

**‘કલ જાના’ કહેતા યોગીજી, મોટા પણ રહી જાતા.**

હાથીની જેમ રાત્રે પાણીમાં મસ્તીમાં કૂદે. મોટા એની પાછળ ઘસડાય. એને અનુસરવા લાગ્યા. ચાર દિવસ પૂરા થયા. મોટાએ રજા માંગી કે મારે કામ પર જવું જોઈએ. એણે કહ્યું કે 'કલ જાના' એટલે મોટા રોકાઈ ગયા. અને તે દિવસે

**મરચાંની ખીચડી ખવડાવી,**
**મોઢા માંહે લગાડી લાય,**
**દેહાતીત બન્યા વિણ**
**કો'થી કેમે સહ્યું ન જાય.**

મરચાંની ખીચડી ખવડાવી. મોઢામાં લાય લાગી. દેહાતીત બન્યા વિના કોઈ માણસથી આ અનુભવ કરી શકાય નહિ.

**બુદ્ધિથી સમજાય કશું ના, છોડી પણ ન શકાય,**
**ગુરુની લીલા ખરે અલૌકિક, બુદ્ધિ ત્યાં શરમાય.**

બુદ્ધિથી સમજી શકાય નહિ અને તોપણ છોડીય શકાય નહિ. ગુરુની લીલા અલૌકિક છે. બુદ્ધિ ત્યાં હારે છે. બુદ્ધિ ત્યાં શરમાય જાય છે.

**(કાનરાનો ઢાળ)**

**મોટા મનમાં એમ વિમાસે,**
**લાંબુ અહીંયાં નહીં રહેવાશે,**
**જો નડિયાદ પધારે સદ્‌ગુરુ,**
**સેવું દિલ દઈને હું પૂરું,**

મોટાના મનમાં વિચાર થયો કે અહીં તો લાંબુ રહેવાશે નહિ મારાથી. જો યોગીજી નડિયાદ પધારે તો હું એની પેટ ભરીને સેવા કરું અને મોટા પછી પાંચમે દિવસે ગયા.

**(ચોપાઈ)**

**દાહોદ પાસે મીરાખેડી ગામ,**
**મોટા નીકળ્યા જવા તે ઠામ,**
**સ્ટેશન પર નડિયાદના આવ્યા,**
**ટિકિટ દાહોદની મોટા લાવ્યા.**
**સ્ટેશન પર બાલયોગીજી દીઠા,**
**મોટાને મન લાગ્યા મીઠા,**
**મોટા કરતા વિનયથી પ્રણામ,**
**તારી ઈચ્છાથી આવ્યો આ ઠામ.**

દાહોદ જવા માટે મોટા નડિયાદ સ્ટેશને આવ્યા. કોઈ એક મીટિંગમાં એને જવાનું હતું. ટિકિટ ખરીદી અને જ્યાં પ્લેટફોર્મ પર આવ્યા ત્યાં મોટાએ એક જગાએ બાલયોગીને ઊભેલા દીઠા. એમની પાસે ગયા અને વિનયથી પ્રણામ કર્યા. બાલયોગીજીએ કહ્યું કે, 'તારી ઈચ્છાથી હું અહીંયાં આવ્યો છું. કારણ કે નીકળતી વખતે કહ્યું હતું કે જ્યારે નડિયાદ આવે તો તો હું એની સેવા કરું. તારી ઈચ્છાથી હું અહીંયાં આવ્યો છું.' હવે **જળાશય નજદીક મકાન શોધી લાવ કરું હું મુકામ.** કોઈ જળાશયની નજીક મોટું મકાન હોય એવું શોધી લાવ. ત્યાં હું આવીને રહીશ.

**મોટા માગણીથી સંકોચાયા,**
**બાલયોગી ગુસ્સામાં આવ્યા.**

મોટાને સંકોચ થયો કે આવું મકાન મને ભિખારીને કોણ આપશે? અને જેવો એ સંકોચ થયો એટલે બાલયોગીજી એકદમ ગુસ્સે થઈ ગયા.

**બાની પાસે ગુરુજીને છોડી,**
**મોટા શાળા ભણી ગયા દોડી,**
**વહોરવાડમાં કાસમશેઠ,**
**મોટાને ઓળખે સારી પેઠ.**
**આજે ચૂક્યા તે રોજનું કામ,**
**કાસમ સાહેબે મોટાને રોક્યા,**
**મોટા તરત જ મનમાં ચોક્યા.**
**કાસમ સા'બની માફી માંગી,**
**અવિવેકની શરમ જ લાગી,**
**મોટાએ ગુરુજીની કીધી વાત,**
**જેથી ઉરમાં હતો ઉત્પાત.**

એટલે મોટાએ ગભરાઈને પોતાની મા પાસે ગુરુને છોડી અને શાળા તરફ મોટા દોડી ગયા. એ વખતે રસ્તામાં વહોરવાડની અંદર એક કાસમ શેઠ રહેતા હતા. મોટા રોજ ત્યાંથી પસાર થાય ત્યારે એને સલામ આલેકુમ કરે પણ આજ ગભરાટમાં એ સલામ કરવાનું ભૂલી ગયા. ત્યારે કાસમ સાહેબે એને પડકાર્યા કે, 'એઈ ભગત, કેમ આજે એમ ને એમ ચાલ્યો જાય છે?' મોટા પાછા આવ્યા. એણે ક્ષમા માગી અને કહ્યું કે, 'મારા ગુરુ આવ્યા છે. એને કોઈ મોટું મકાન જોઈએ છે, જળાશયના કિનારા ઉપર. એ ચિંતામાં ખ્યાલ ન રહ્યો.' ત્યારે જુઓ ગુરુની કૃપા!

**કાસમ સાહેબે સાંભળી વાત,**
**દૂર કીધો મોટાનો સંતાપ.**

**કાસમ શેઠે વાત સાંભળીને મોટાનો સંતાપ એણે દૂર કરી દીધો.**

**ડભાણ ગામે છે મોટું મકાન,**
**'હાજી મંઝિલ' છે એનું નામ,**
**પાસે છે નાનું રામતળાવ,**
**તારા ગુરુજીને ત્યાં લઈ આવ.**

અરે! એમાં શું મૂંઝાય છે? ડભાણમાં એક મકાન છે મારું. 'હાજી મંઝિલ' એનું નામ છે અને ત્યાં જળાશય પણ છે. રામતલાવડી છે. જા, તારા ગુરુને તેડી લાવ.

**(અનુષ્ટુપ)**

**આ મોટા પામી ગયા મર્મ,**
**ગુરુજીના આ આદેશનો,**
**ગુરુનો શબ્દ અતકર્ય,**
**ન બુદ્ધિના પ્રદેશનો.**

મોટાને સમજાણું કે ગુરુનો શબ્દ છે, એ તર્ક કરવા યોગ્ય નથી. તર્ક વિના વિચાર વિના એનો અમલ કરો.

**ગુરુનો શબ્દ ના શબ્દ વૈખરી વાણીનો કદા,**
**ચેતનામાંથી ઊઠેલો એ સર્જનાત્મક ચેતન.**

ગુરુનો શબ્દ એ ખાલી વાણી નથી. વૈખરી વાણી નથી, એ ચેતનામાંથી ઊઠેલો પરાવાણીનો એ પ્રભાવ છે.

(લાવણી)

**સદ્ય ગુરુને મોટા લાવ્યા, (૨)**

**'હાજી મંઝિલ'માં અતિ પ્રેમે સવિનય પધરાવ્યા. ગુરુએ દીક્ષા ત્યાં આપી, (૨)**

**વસંતપંચમીના શુભ દિને બંધન સહુ કાપી.**

ગુરુને મોટા ત્યાં 'હાજી મંઝિલ'માં લઈ ગયા. વસંતપંચમીના દિવસે ગુરુએ એને દીક્ષા આપી અને કહ્યું,

**ધ્યાન આજ્ઞાચક્રે કરવા, (૨)**

**આજ્ઞા ગુરુએ આપી. સત્વર નિર્વિચાર કરવા,**

**ન ફાવ્યું મોટાને તત્કાળ, (૨)**

**પ્રહાર કીધો ભાલ પ્રદેશે છૂટવા સરવે ખ્યાલ,**

મોટાને કહ્યું કે આજ્ઞાચક્રમાં ધ્યાન કર. જેથી તારા વિચારો બધા ટળી જાય. મોટાને ફાવ્યું નહિ શરૂઆતમાં. તરત જ મોટાના કપાળ ઉપર આજ્ઞાચક્ર પર કેવો સખત પ્રહાર કર્યો અને એ પ્રહાર થતાં જ મોટાના બધા ખ્યાલ છૂટી ગયા.

**રહ્યા આ સ્થિતિમાં ત્રણ દિનરાત (૨)**

**મન વાણી તર્કાતીત દેશે થયા સ્થિર ભલી ભાત.**

ત્રણ દિવસ અને ત્રણ રાત એ સ્થિતિની અંદર નિર્વિચાર સ્થિતિમાં મોટા ત્યાં રહ્યા. મન, વાણી અને તર્કથી અતીત એવો આ પ્રદેશ.

રામકૃષ્ણ પરમહંસના જીવનમાં પણ તોતારામજીએ આવો જ પ્રસંગ કહ્યો છે. એને રામકૃષ્ણ કહેતા હતા કે મા મારી આગળથી ખસતી નથી. ગમે એટલું ધ્યાન કરું છું તોયે.'દેખી તારા મા' એમ કહીને એણે કપાળમાં એક અણીદાર કાચ એણે ભોંક્યો. ત્રણ દિવસ સુધી રામકૃષ્ણ પરમહંસ એ સ્થિતિમાં બેસી રહ્યા.

શ્રીમોટા આખ્યાન,, આ.પ્ર.પૃ.૩૧-૩૬.

---

## હરિ તુજ શક્તિ આધારે

**કૃપાબળનના જ આધારે જીવનમાં મેળવાયું છે**
**નહિતર એ વિશે મારું કશું પણ કંઈ ગજુ ના છે.**
**કૃપાબળના જ આધારે હરિ ની ધારણા થઈછે,**
**જીવનમાં ગુણ ને ભાવ હૃદય શક્તિ બઢેલાં છે.**
**હરિ તુજ શક્તિ આધારે સળેકડું પહાડ ચઢતું છે,**
**સમુદ્રો સાત પણ કેવા તરીને પાર કરતું છે!**
**જીવન વ્યવહાર હરિનો છે, હરિથી ને હરિમાં તે,**
**હવે નિશદિન રમવાની, અમારે મોજ પ્રગટી છે.**

**-શ્રીમોટા**

જીવનતપ, ત્રીજી આ.પૃ.૭૨

---

હરિઃ ૐ

**નમ્ર વિજ્ઞપ્તિ :**

ઘણા સ્વજનોની અંક ન મળવાની ફરિયાદ હોવાથી 'હરિભાવ'ના સ્વજન-ગ્રાહકોને નમ્ર નિવેદન છે કે તેઓ પોતાના વિસ્તારમાં હાથોહાથ અંક પહોંચાડવાની સેવા આપવા માગતા હોય તેઓ મો. નં. ૯૪૨૭૫૫૪૩૯૧ ઉપર સંપર્ક કરે.

...સંપાદક

## (૮) સેવાભાવી ચંપકકાકા

**શ્રી ભગુભાઈ દરજી**

સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે પૂજય ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને હાકલ કરી જેમાં ઘણા વિદ્યાર્થીઓ જોડાયા. તેમાંના એક વિદ્યાર્થી એટલે પૂજય શ્રીમોટા. એઓ મહાન વિભૂતિ હતા. એમણે આ લડત બાદ અધ્યાત્મના માર્ગે સમાજસેવાનો ભેખ ધારણ કરી હરિ ૐ આશ્રમ મારફત અનેક રચનાત્મક કાર્યકરો તૈયાર કર્યા. એમાંના એક સેવાભાવી રચનાત્મક કાર્યકર એટલે શ્રી ચંપકલાલ ભૂતવાલા. જેઓ ચંપકકાકાના હુલામણા નામથી ઓળખાય છે. એમણે પૂજય ગાંધીજી અને પૂજય મોટાના વિચારોને નજર સમક્ષ રાખીને સમાજમાં શિક્ષણ, આરોગ્ય અને ગાંધીજીની ખાદીગ્રામોદ્યોગની પ્રવૃત્તિ હાથ ધરી હતી.

પૂજય ચંપકકાકા સાથેની પ્રથમ મુલાકાત અમારી સંસ્થા સંચાલિત આશ્રમશાળા અજરાઈમાં થઈ. આશ્રમશાળા અજરાઈ ગણદેવી તાલુકાના નવસારી જિલ્લામાં સને ૧૯૫૯માં શરૂ કરવામાં આવેલી જેમાં ધરમપુર, કપરાડા, વાંસદા, આહવા, ડાંગ જિલ્લાનાં અંતરિયાળ ગામનાં બાળકો સ્થળ ઉપર રહીને અભ્યાસ કરે. વર્ષો જૂની આશ્રમશાળા જે તે વખતના સમયને ધ્યાનમાં લઈ શરૂ કરવામાં આવી હતી. બાળકોને ભણવાનું અને રહેવાનું એક જ મકાનમાં. એટલે મોટી અગવડ પડે. શિક્ષણ ઉપર પણ અસર થાય. એટલે શાળાના અલાયદા મકાન સહાય માટે રજૂઆત હરિ ૐ આશ્રમ-રાંદેર સુરતને કરતાં સંસ્થાનું પ્રતિનિધિમંડળ મુલાકાત માટે અજરાઈ આવ્યું જેમાં ચંપકકાકાએ અમારી પ્રવૃત્તિ અને રજૂઆતને ધ્યાનમાં લઈ રૂા. ૨,૦૦,૦૦૦/= (અંકે રૂપિયા બે લાખ પૂરા) ની ઉમદા સહાય મંજૂર કરતાં તબકકાવાર બીજા દાતાઓ પ્રાપ્ત થતાં, આજે સંપૂર્ણ સુવિધાવાળું વિદ્યાલય મકાન તૈયાર કરાવી શકયા છીએ. જેમાં આદિવાસી સમાજનાં બાળકો સ્થળ ઉપર રહીને શિક્ષણ સાથે જીવનઘડતરની તાલીમ મેળવી રહ્યા છે એનો યશ પૂજય ચંપકકાકાને જ આપી શકાય.

દક્ષિણ ગુજરાત નીરા તાડગોળ ગ્રામોદ્યોગ સંઘમાં મંત્રી તરીકે કામ કરવાની તક મળેલી, જેમાં સુરત ઓલપાડ વિભાગ નીરા મંડળીના પ્રતિનિધિ તરીકે પૂજય ચંપકકાકા આવે. એટલે નિકટના સંબંધો રહ્યા. સભામાં સચોટ રજૂઆત. એમની રજૂઆત છેવાડાના કામ કરનારા માણસ માટેની હોય એટલે ખુશી ઉપજે – આનંદ થાય. તેઓ સ્વભાવે શાંત અને આદિવાસી સમાજના શિક્ષણ માટે લાગણી ધરાવનાર વ્યકિત હતા.

સ્વ.પૂજય ઝીણાભાઈ દરજી વ્યારાની આગેવાની હેઠળ કાર્પેટ મંડળીની મીટિંગ ગુંદલાવ – વલસાડમાં રાખવામાં આવેલી, ચોમાસાના દિવસો, ભારે વરસાદ, અમે બધા મીટિંગ પૂરી થતાં મુખ્ય ધોરીમાર્ગમાં ચીખલી સુધી સાથે હતા. સરતચૂકથી તેઓ બીજા માર્ગે ફંટાઈ જતાં કેસલી ગણદેવી માર્ગમાં વચ્ચે આવતા કોઝવે ઉપરથી વહેતા પાણીમાંથી ગાડી હંકારી જવાનું ડ્રાઈવરે સાહસ કરતાં તણાઈ જતાં જળસમાધિ લઈ પ્રભુના પ્યારા થઈ ગયા. અમને આ દુઃખદ ઘટનાની જાણ થતાં દોડી ગયા. આ વાતનો આજે પણ અફસોસ છે જ છે.

## (૯) સુખદુઃખ તથ્ય કે મનનું સર્જન ?

**શ્રી વિમલા ઠકાર**

ગીતામાં ઉપનિષદોનું દોહન છે, સાથે ષડ્દર્શનનો સાર પણ છે. સુખદુઃખ શું છે? એ ઘટનાઓ છે ? એ તથ્ય છે કે મનની પ્રતિક્રિયા છે? સંક્ષેપમાં જોઈએ તો શરીરને કોઈ ઘટના કે વિષય અનુકૂળ પડ્યો, મનને કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિનો સંયોગ અનુકૂળ પડ્યો, આ અનુકૂળતામાંથી મનુષ્યનું ચિત્ત પ્રિયતા પેદા કરે છે. દહેને માટે શીતોષ્ણ સંવેગ હોય, ચિત્તને માટે અપમાનનો સંયોગ હોય, તો પ્રતિકૂળતા અપ્રિયતા પેદા કરે છે. શરીર અને મન માટે જે અનુકૂળ પ્રતિકૂળ સંયોગ આવે છે એમાંથી વ્યક્તિ પ્રિયતા-અપ્રિયતા પેદા ના કરે તો સુખદુઃખ થવાનો સવાલ જ પેદા થતો નથી.

अनुकूल संवेदनम् सुखम् प्रतिकूल संवेदनम् दुःखम् ।

સુખદુઃખની શાસ્ત્રીય પરિભાષા એ છે કે મનુષ્યનું ચિત્ત પ્રિયતા-અપ્રિયતા ઉત્પન્ન કરે છે. એમાંથી રાગદ્વેષ પેદા થાય છે. પછી સુખના પુનરાવર્તનની સ્પૃહા અને દુઃખથી દૂર ભાગવાની ઈચ્છા પણ પેદા થાય છે.

જો વિષયો કે ઘટનાઓ પ્રત્યે પ્રિયતા-અપ્રિયતાનો ભાવ નહિ હોય તો રાગદ્વેષ પેદા નહિ થાય. **ગીતાશાસ્ત્ર એક નવી જીવનપદ્ધતિ શિખવાડવા માટે છે.** એ કહે છે કે અનુકૂળતા-પ્રતિકૂળતાને-દ્વૈતને કોઈ ટાળી શકતું નથી. શરીરના અને મનના ગુણધર્મો અનુસાર અનુકૂળતા-પ્રતિકૂળતા જરૂર પ્રતીત થશે. એની તમારા મગજમાં નોંધ પણ થશે, પરંતુ એમાંથી વિષયો કે વ્યક્તિઓ પ્રત્યે રાગ પેદા થવા દેશો નહિ તો સર્વભૂતમાત્ર માટે સમભાવ, બધાને માટે આત્મભાવની પરિસ્થિતિ પેદા થઈ શકશે. નવા માનસશાસ્ત્રનું એમાં સર્જન થશે. **માનવસશાસ્ત્રનું નવું માળખું ઊભું કરવું એ જ સાધનાનો હેતુ છે.**

જો રાગદ્વેષ પેદા ન થાય તો समत्वम् योग उच्यते ચિત્તની સમતા પેદા થઈ શકે છે. સમગ્ર સંસ્કૃતિનો એ જ આદેશ છે કે વહેવારમાં રહીને ચિત્તનું સમત્વ ઉપલબ્ધ કરો. આજે ચિત્ત વિક્ષિપ્ત-ક્ષુબ્ધ-અશાંત-બેચેન રહે છે. આપણે તો એ માની જ લીધું છે કે વિષયોના સંગમાં, વ્યક્તિઓના સાંનિધ્યમાં, સંબંધોની ગતિમાં ચિત્તનું ક્ષુબ્ધ થવું એ સ્વાભાવિક છે. અધ્યાત્મ કહે છે કે એ અસ્વાભાવિક છે. એ સહજ દશા નથી. એ તો પેદા કરવામાં આવેલી વિકૃતિઓ છે.

સત્યની પ્રતિષ્ઠા માટે, અન્યાયના પ્રતિકાર માટે, ધર્મની રક્ષા કાજે, રાગદ્વેષના જ્વરથી મુક્ત થઈને હે અર્જુન તારે લડવાનું છે. વ્યક્તિગત રાગદ્વેષ, વેરભાવને લઈને નહિ. આપણે તો લડીશું તો વ્યક્તિગત વેરભાવ લઈને

**અનુસંધાન પેજ નં. ૬ પર**

**'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે' તે ભજનમાં 'વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે'** એમ કડી છે. તે હકીકત આપણી હાલની બુદ્ધિ સ્વીકારી શકે તેમ નથી. તેમ છતાં મારા જીવનમાં એવા પ્રસંગ બનેલા છે. તે હકીકત તદ્દન સત્ય છે.

(૧) શ્રી માલવિયાજીએ આપણી સંસ્કૃતિને જીવતી રાખવાને માટે કાશીમાં હિંદુ યુનિવર્સિટી સ્થાપી હતી. તેના નિભાવને અર્થે ભારતના હિંદુસમાજને નાણાં માટે ટહેલ નાખી હતી. જીવનનું મૂળ તો સંસ્કૃતિ છે. મારાથી પણ તેમાં કશુંક અપાય તો ધન્ય થવાય. એમ દિલમાં થયું.

પરંતુ મારી આર્થિક સ્થિતિ એટલી બધી તો તંગ હતી કે ન પૂછો વાત. માત્ર ૪૭ા રૂપિયામાં સાત જીવોનું પોષણ કરવાનું. બાકી ૨ા રૂપિયા તો સહકારી મંડળીમાં ફરજિયાત બચત તરીકે જતા. હજામત પણ મહિને એક જ વાર કરાવતો. ત્યારે હજામતનું સાધન પણ પાસે ન હતું.

એવામાં તમે (શ્રી હેમંતકુમાર નીલકંઠ-સં) અને હું સાબરમતી આશ્રમમાંથી શહેરમાં જવાને નીકળ્યા. ચંદ્રભાગાના પુલની નજીક મને લઘુશંકાની વૃત્તિ થઈ. લઘુશંકા પૂરી થઈ રહેતાં ઊઠવાનું થતાંવેંત પાસે પડેલા એક કાગળિયા પર મારી નજર પડી. તેમાંથી બે વીંટી નીકળી અને સાથે લખાણ પણ હતું કે, 'આ તારા ઉપયોગને માટે છે, આપણે બજારમાં સાથે જઈ તે વીંટીની રકમ મેળવી બનારસ મોકલી દીધી. જીવતીજાગતી ભાવનાનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

(૨) સને ૧૯૩૮માં આ જીવનું શરીર લોહીના ઝાડાથી પટકાયું. વી.એસ.હૉસ્પિટલ, અમદાવાદમાં અંદરના દર્દી તરીકે દાખલ થવાનું પણ બન્યું. તે રોગ મટ્યો નહિ એટલે કરાંચી જવાનું બન્યું. ત્યાં યોગ્ય સારવાર થતાં રોગ મટી ગયો.

શ્રી ઠક્કરબાપાના શરીરને ૭૦ વર્ષ પૂરાં થતાં ગાંધીજીએ રૂ. ૭૦,૦૦૦/-ના ફાળા માટે 'હરિજન બંધુ'માં અગ્રલેખ લખેલો. તે વાંચ્યો. મારે પણ તે ફાળામાં કંઈક ભરવું જોઈએ એવો આગ્રહ ત્યાંની બહેને ખાસ કર્યો. મારી પાસે તો આપવાનું કંઈ જ નહિ ને બીજા કનેથી લઈને તેમાં હું પૈસા ભરું એવું તો ગમે નહિ. તે બહેન મને કહે કે જો તમે દિલમાં દિલથી ફાળામાં ખરેખર ભરવાનું ઇચ્છો તો તમને તે રકમ આભમાંથી પણ પડીને મળી આવે. મને પણ અભિલાષા પ્રગટી.

હવે બન્યું એવું કે બેસતા વર્ષના દિવસે બાપુ સાથે તથા તે બે બહેનો સાથે કરાંચીના કેટલાક સદ્‌ભાવી સજ્જનોને ત્યાં મળવા જવાનું થયું. કરાંચીના માજી મેયર શ્રી ચાગલા સાહેબ ત્યારે નમાજ પઢી રહ્યા હતા. એટલે અમે બહાર જરાક વાર મોટર ઊભી રાખી નીચે ઊતર્યા. પછી અંદર દીવાનખાનામાં પેસવા જતાં પહેલાં મારી નજરે એક વીંટાળાયેલો કાગળ રસ્તા ઉપર પડેલો જોવા મળ્યો. કરાંચીના બધા રસ્તા સાફ સ્વચ્છ હોય છે. તે કાગળને ચીંધીને બહેનને મેં કહ્યું, 'જો પેલું કશુંક પડ્યું છે !' તે ઊંચકીને જોતાં તેમાંથી પાંચ રૂપિયાની નોટ નીકળી. તેમાં ઉર્દૂ ભાષાનું લખાણ હતું કે 'તે રકમ તારે મનગમતી રીતે

વાપરવા માટે છે' પ્રભુકૃપાથી આવી આભમાંથી પડેલી રકમ શ્રી ઠક્કરબાપાના ફાળામાં ભરી દીધી.

(૩) એક વખત મારે કોઈક સંજોગોને કારણે પૈસાની ઘણી જરૂર પડી હતી. કોઈની પાસે માગવાનું તો ત્યારે પણ દિલ થતું નહિ, પણ આ વખતે તેટલી રકમ વિના ચાલી શકે તેવું હતું નહિ. રકમની તાત્કાલિક જરૂર હતી.

એક દિવસ સાંજે અમે બધાં નદી કિનારે એક સાધુ મહારાજનાં દર્શને જતાં હતાં. તે વેળા મારી સાથે હસમુખભાઈ (ઉર્ફે શ્રી લાલાજી-કુંભકોણમ્-સં) અને અમદાવાદવાળા નાનુભાઈ ભટ્ટ તથા બીજા પણ કોઈક હતા.

નદી કિનારાની અને સ્થળની લગભગ નજીક આવી પહોંચતાં એક ઠેકાણે ફાટેલા તૂટેલા લૂગડાંની વાળેલી પોટલી જેવું મારી નજરે ચઢ્યું. તેને હાથમાં લઈને ખોલતાં તેમાંથી એક સોનાની કંઠી નીકળી તેની સાથે તામિલમાં લખાણ હતું, 'તારા પોતાના ઉપયોગ માટે આ છે' તે કંઠી હસમુખભાઈએ બજારમાં વેચી ને તેની રકમ મને આપી, ને પ્રભુકૃપાથી તેનાથી મારી ભીડ ભાંગી.

**(ક્રમશઃ)**

'જીવનદર્શન', ૧૦મી આ., પૃ. ૮૩

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રુ. |
|---|---|---|---|
| ૧. | એક સ્વજન.. | અમદાવાદ | ૨૦,૦૦૦/- |
| ૨. | જોષી ચેરિટેબલ ટ્રસ્ટ | સુરત | ૫,૦૦૦/- |
| ૩. | કુંતલ મારફતિયા | મુંબઈ | ૫,૦૦૦/- |
| ૪. | એક સ્વજન.. | સુરત | ૨,૨૩૨/- |
| ૫. | બિપિનભાઈ વજુભાઈ પટેલ | નરોડા | ૨૧૦૦/- |
| | પૂ.પિતાશ્રી વજુભાઈ બળદેવભાઈ પટેલના સ્વર્ગવાસ તા.૧૨/૨/૨૦૨૪ નિમિત્તે | | |
| ૬. | અજયભાઈ દાનેચા | સુરત | ૨૦૦૦/- |
| ૭. | વાગ્મીન સર્વદમન પટેલ | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૮. | કાંતિલાલ પી.પટેલ(સ્વ.જીવનસાથી કલાબહેન કાંતિલાલ પટેલ તા.૨/૧/૨૦૧૮ના સ્મરણાર્થે | સુરત | ૬૦૦/- |
| ૯. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- + ૫૦૧/ |
| ૧૦. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- + ૫૦૧/ |
| ૧૧. | પરિમલ એસ. વોરા | નરોડા | ૫૦૦/- |
| ૧૨. | મુકેશભાઈ છનાભાઈ મેસેરિયા | સુરત | ૫૦૦/- |
| ૧૩. | પ્રતિભાબહેન દેસાઈ (ચિ.પૌત્રી જેષ્ઠાના જન્મદિન નિમિત્તે) | વલસાડ | ૫૦૦/- |
| ૧૪. | ચંદ્રિકાબહેન ઈશ્વરભાઈ પટેલ | સુરત | ૫૦૦/- |
| ૧૫. | લતાબહેન પંડયા | સુરત | ૨૦૦/-+૨૦૦/- |
| ૧૬. | કનૈયાલાલ બાબુભાઈ જોષી | નરોડા | ૧૫૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

હરિઃ ૐ

## ગયેલા આત્માને

(૧) નરોડા નિવાસી શ્રી વજુભાઈ બળદેવભાઈ પટેલ ઉંમર ૮૧, તા.૧૨-૦૨-૨૦૨૪ ના રોજ દેવલોક પામેલ છે.

(૨) નરોડા નિવાસી શ્રી જુગલકિશોરભાઈ રતિલાલ પટેલ ઉંમર ૫૩, તા.૧૭-૦૨-૨૦૨૪ ના રોજ દેવલોક પામેલ છે.

(૩) નરોડા નિવાસી ગં.સ્વ. શકુન્તલાબેન કનુભાઈ પટેલ ઉંમર ૭૬, તા.૧૮-૦૨-૨૦૨૪ ના રોજ દેવલોક પામેલ છે.

ઉપરોક્ત બધા સ્વજનોને પૂજ્ય શ્રીમોટા પરમ શાંતિ અર્પે તથા શ્રેય-કલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના....

...સંપાદક

**'હરિભાવ' માસિકનું માર્ચ-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેની યાદીઃ-**

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૮૫૮૭ | અમરસિંહ એ. પરમાર | સુરત |
| ૭૮૫૦ | ધીરેન્દ્ર વી.પરમાર | વડોદરા |
| ૮૨૭૯ | જતિન આર.પચ્ચીગર | સુરત |
| ૮૫૮૬ | જયદેવભાઈ કે.દેસાઈ | સુરત |
| ૮૭૨૮ | નીતિનભાઈ એચ.પટેલ | સુરત |
| ૮૭૩૫ | પ્રભાતસિંહ ઠાકોર | વલસાડ |

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૮૫૯૩ | પ્રફુલચંદ્ર જે.દવે | સુરત |
| ૮૭૩૦ | રશ્મિબહેન એ.છાપદાર | સુરત |
| ૮૭૨૬ | રશ્મિબહેન આર.મંડોરા | નવસારી |
| ૮૫૮૨ | વિજયભાઈ સી.શર્મા | સુરત |
| ૮૫૬૮ | વીરેન્દ્રભાઈ એન. કોઠારી | અમરેલી |

**'હરિભાવ' માસિકનું એપ્રિલ-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેની યાદીઃ-**

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૮૫૫૧ | આશા જે. સેઠના | સુરત |
| ૮૭૪૩ | અશ્વિનભાઈ પી. ઘેપાડિયા | સુરત |
| ૮૭૫૦ | ભાવનાબેન પી.શાહ (ડૉ.) | ધરમપુર,વલસાડ |
| ૮૭૪૧ | બીપીનભાઈ ગામીત | સોનગઢ, તાપી |
| ૮૫૬૪ | જયંતભાઈ ડી.બુરખાવાલા | સુરત |

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૮૭૪૯ | મુકેશભાઈ આઈ. પટેલ | સુરત |
| ૮૭૪૦ | સુરેશભાઈ બી.ગામીત | સોનગઢ, તાપી |
| ૦૭૯૦ | ઉર્મિલાબેન પી. કાપડિયા | સુરત |
| ૮૦૧૪ | યોગેશભાઈ અને. દેસાઈ | સુરત |

ઉપરોક્ત સ્વજનશ્રીઓને વિનંતી કે 'હરિભાવ'નું લવાજમ વહેલી તકે જમા કરાવે જેથી આગામી અંક મેળવી શકે.

... સંપાદક

# : જાહેર વિનંતી :

'હરિવાણી ટ્રસ્ટ'-'હરિભાવ', રૂપિયા પચાસ લાખ (રૂ. ૫૦ લાખ)નું કોર્પસ ફંડ ઊભું કરવાનું વિચારે છે. આ માટે ઓછામાં ઓછા રૂપિયા એક લાખ કે વિશેષ રકમ જે સ્વજન આપશે તેમની વિગતો 'હરિભાવ'માં પ્રકાશિત કરાશે. તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધી એટલે કે ચાલુ નાણાકીય વર્ષના અંત સુધી આ પ્રકારની કોર્પસ ફંડ માટેની રકમ સ્વીકારાશે. અમારી આ અપીલનો હકારાત્મક પ્રતિભાવ સ્વજનો તરફથી મળશે તેવી આશા અને વિનંતી છે.

શ્રી નિરંજનભાઈ ચંદુભાઈ પટેલ, વલ્લભ વિદ્યાનગર તરફથી
રૂ.૧૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે.

- હરિવાણી ટ્રસ્ટ

મૂક્યું માથું શ્રીસદ્‌ગુરુ ચરણમાં (૨)
વાત વાણીથી કહી નવ જાય,
દિલે શું શું થાય અલખના આદેશથી (૨)
સાચું જીવન શ્રીસદ્‌ગુરુ ચરણમાં (૨)
સર્વે દેવો ગુરુમાં સમાય,
ગુરુ હરિરાય-અલખના આદેશથી
માત, તાત, સખા સાચા સદ્‌ગુરુ (૨)
સદ્‌ગુરુ પ્રાણતણાયે પ્રાણ,
વીંધે પ્રેમબાણ અલખના આદેશથી (૨)

- સ્વ. પ્રતાપભાઈ ઉપાધ્યાય

'શ્રીમોટા આખ્યાન', પ્ર. આ., પૃ. ૪૨-૪૩



**HARIBHAV, MARCH, 2024**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2024-2026
Valid upto 31st December - 2026 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2024-2026
valid upto 31-12-2026



હરિ:ૐ

**સ્વ. ડૉ. અચલાબહેન શાંતિલાલ ગાંધી,**
**તે પૂજ્ય શ્રીમોટાના લઘુ બંધુ**
**સ્વ. મૂળજીભાઈ આશારામ ભગતનાં દીકરી.**
**(સુરત)**

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA   E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007